૯

આર્થિક રીતે નબળા વર્ગોના (Economically Weaker Sections) અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૫/૨૦૧૯

<u>વંચાણે લીધા</u>:

(1) ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ
(2) ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ
(3) ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ
(4) ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(5) ગુજરાત સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

<u>પ્રસ્તાવના:</u>

1. ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (1) હેઠળના તા.૩૦/૦૫/૨૦૧૮ ના ઠરાવથી "ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ" ની યોજનાઓના લાભ માટે "બિન અનામત વર્ગો માટેનું પ્રમાણપત્ર" આપવાની સૂચનાઓ બહાર પાડેલ છે. ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (2) અને (3) હેઠળના અનુક્રમે તા.૦૬/૧૨/૨૦૧૮ તથા તા.૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓની યાદી પ્રસિદ્ધ કરેલ છે.
2. ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (4) હેઠળના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections) માટે ગુજરાત રાજ્ય સરકાર હેઠળના ૧૦ ટકા અનામતના લાભ માટે "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર" આપવાની સૂચનાઓ બહાર પાડેલ છે. ગુજરાત સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (5) હેઠળના તા.૧૧/૦૨/૨૦૧૯ ના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે ભારત સરકાર હેઠળના

૧૦ ટકા અનામતના લાભ માટે "Income and Asset Certificate for Economically Weaker Section" આપવાની સૂચનાઓ બહાર પાડેલ છે. ઉપરોક્ત ઠરાવો સ્વયંસ્પષ્ટ હોવા છતાં પ્રમાણપત્રો આપવામાં સક્ષમ સત્તાધિકારીઓ અને અરજદારો મુંઝવણ અને મુશ્કેલી અનુભવતા હોય છે. જે દૂર કરવા વિવિધ ક્ષેત્રો તરફથી સરકારશ્રીમાં રજૂઆતો કરવામાં આવેલ છે. આમ પ્રવર્તતી મુંઝવણ (confusion) અને મુશ્કેલીઓ (difficulties) દૂર કરવા સરકાર પુનઃ નીચેની સ્પષ્ટતાઓ અને સૂચનાઓ બહાર પાડે છે.

**<u>ઠરાવ:</u>**

1. વંચાણે લીધા ક્રમાંક (1) હેઠળના તા.30/૦૫/૨૦૧૮ ના ઠરાવ અંતર્ગત આપવામાં આવતું "બિનઅનામત વર્ગો માટેનું પ્રમાણપત્ર" ફક્ત યોજનાઓના લાભ માટે છે. જ્યારે વંચાણે લીધા ક્રમાંક (4) હેઠળના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ અંતર્ગત આપવામાં આવતું "આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર" ગુજરાત રાજ્ય સરકાર હેઠળના આર્થિક રીતે નબળા વર્ગો માટે ના ૧૦ ટકા અનામતના લાભ માટે છે. આમ બન્ને બાબતો અલગ રીતે ધ્યાને લેવાની રહે છે.
2. મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં "બિનઅનામત વર્ગો માટેનું પ્રમાણપત્ર" તથા "આર્થિક રીતે નબળા વર્ગો માટે પ્રમાણપત્ર" સમાંતરે તમામ મામલતદાર કચેરી તથા જનસેવા કેન્દ્રો ઉપરથી પણ મળી રહે તે અંગે કલેકટરશ્રી દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
3. તમામ સક્ષમ સત્તાધિકારીઓએ "બિનઅનામત વર્ગો માટેનું પ્રમાણપત્ર" તથા "આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર" કામકાજના તમામ દિવસો દરમિયાન મળી રહે તે અંગે વ્યવસ્થા કરવાની રહેશે.
4. સક્ષમ સત્તાધિકારીઓને પ્રમાણપત્રો આપવામાં સરળતા રહે તે માટે વંચાણે લીધા ક્રમાંક (2) અને (3) હેઠળના અનુક્રમે તા.૦૬/૧૨/૨૦૧૮ તથા તા.૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવથી બિનઅનામત વર્ગોની જાતિઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(SEBC) સિવાયની કોઈ જાતિનો ઉલ્લેખ બિનઅનામત વર્ગની યાદીમાં ન થયો હોય તેવી જાતિના અરજદારોને પણ સક્ષમ સત્તાધિકારીએ ગુજરાત રાજ્ય સરકાર હેઠળના ૧૦ ટકા અનામતના લાભ માટે "આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર" આપવાનું રહેશે. બિનઅનામત વર્ગની જાતિઓની યાદી અંગે તા.૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવમાં સ્પષ્ટતા કરવામાં આવી હોવા છતાં, ખાસ કરીને મહેસૂલી અને પંચાયત અધિકારીઓ, જે જાતિનો બિનઅનામત વર્ગની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેને પ્રમાણપત્રો આપતા નથી, તે બાબત યોગ્ય નથી, એટલું જ નહીં, પરંતુ અરજદારના અનામતના બંધારણીય અધિકારોનું હનન કરવા સમાન છે. બિનઅનામત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ની સાચી વ્યાખ્યા જે તે જાતિનું અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(SEBC)માં ન હોવું તે છે. બિનઅનામત વર્ગની યાદી ફક્ત સરળતા ખાતર બહાર પાડવામાં આવેલ છે. યાદીમાં હોવાનો આગ્રહ રાખવો યોગ્ય નથી.

5. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર હેઠળના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC)ની ૧૪૬ જાતિઓ પૈકીની કેટલીક જાતિઓ ભારત સરકાર હેઠળના અનામતના લાભ માટે બહાર પાડેલી અન્ય પછાત વર્ગો(OBC)ની ૧૦૪ જાતિઓમાં સમાવેશ પામેલ નથી. ભારત સરકારની નીતિ પ્રમાણે ભારત સરકાર હેઠળના આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેના અનામત માટે જે જાતિ કેન્દ્રીય યાદી(Central List)માં ન હોય તેને ભારત સરકાર હેઠળ ૧૦ ટકા EWS અનામતનો લાભ મળવાપાત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો જે જાતિ ગુજરાત સરકારના અનામતના હેતુ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC)ની યાદીમાં હોય પરંતુ ભારત સરકારની કેન્દ્રીય યાદીમાં ન હોય તો તેવી જાતિઓને ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. દા.ત. રાજ્ય સરકારની SEBC યાદીમાં ક્રમ ૮૭ હેઠળની "ચૌધરી/હિન્દુ આંજણા ચૌધરી (જ્યાં તેઓ આદિવાસી ન હોય), આંજણા, આંજણા પટેલ, આંજણા પાટીદાર, આંજણા દેસાઈ, આંજણા કણબી, ચૌધરી પટેલ, ચૌધરી પાટીદાર" ક્રમ ૧૦૦ હેઠળની "ખરક" , ક્રમ ૧૦૨ હેઠળની "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડીયા રાજપૂત, નાડોદા રાજપૂત" વગેરે જાતિઓ (આ ફક્ત નમૂનારૂપ દાખલા છે) ભારત સરકારની OBCની યાદીમાં નથી. આવી જાતિઓ ભારત સરકાર હેઠળના લાભ માટે EWS પ્રમાણપત્રો માગે ત્યારે અચૂક આપવાના રહેશે.
6. વિવિધ પ્રમાણપત્રો આપવા માટે ઓનલાઇન(Online) પ્રથા/પ્રક્રિયા અપનાવવામાં આવી છે. જે ઇન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સરળતા, કરકસર અને ઝડપ લાવવા માટે સ્વીકારવામાં આવી છે. એનો અર્થ એવો નથી કે ઓનલાઇન પ્રક્રિયામાં સમાવાયેલી જાતિ સિવાયની જાતિને પ્રમાણપત્ર ન આપવું. આથી સ્પષ્ટ સૂચના આપવામાં આવે છે કે કોઈ ટેકનીકલ કારણોસર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળનું પ્રમાણપત્ર ઓનલાઇન આપી શકાય(Issue) તેમ ન હોય તો હાથેથી(Manually) પણ આપવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ